## સંક્ષિપ્ત સમાચાર

### નવસારી જિલ્લામાં હેલ્મેટ ભંગના 471 કેસ નોંધાયા

નવસારી: નવસારી જિલ્લા કક્ષાએ સરકારી અને ખાનગી કચેરીઓ તેમજ જાહેર જનતા દ્વારા હેલ્મેટ ભંગ બદલ કેસો કરવા જિલ્લાના તમામ વડાઓને જરૂરી સૂચના આપવામાં આવી હતી. જે અન્વયે સુરત પોલીસ મહાનિરીક્ષક અને નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકે ગત 12મી માર્ચના રોજ સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કર્યું હતું. જેથી નવસારી જિલ્લા પોલીસે સમગ્ર જિલ્લામાં આવેલી સરકારી અને ખાનગી કચેરીઓ સહિત જિલ્લાના બાઈકચાલકો વિરુદ્ધ હેલ્મેટ ભંગ બદલ પોલીસ કેસો કર્યા હતા. જેમાં નવસારી જિલ્લા ટ્રાફિક અને સ્થાનિક પોલીસ દ્વારા કુલ હેલ્મેટ ભંગના 471 કેસો કરવામાં આવ્યા છે.

### પતિએ હોળી પતે પછી પિયર જવાનું કહેતા માઠું લાગી આવતા પરિણીતાનો આપઘાત

ધરમપુર: મરણ જનાર ઉન્નતીના પિતા શંકરભાઈ પટેલ (રહે.,નાની બામટીના) એ પોલીસમથકે કરેલી ફરિયાદ અનુસાર નાની દિકરી ઉન્નતી કરણ દરવડી (રહે., નાની ઢોલડુંગરી, વાડી ફળિયા) જે હોળીનો તહેવાર હોય બામટી ગામે પિયર આવવાનું કહેતા જમાઈ કરણે હોળીનો તહેવાર પતે પછી બામટી ખાતે જઈશું, તેમ કહેતાં ઉન્નતીને માઠું લાગી આવતા સવારના 9:00 વાગ્યાના સુમારે ઘરના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી ઘરના છત નીચે માળિયાના વાંસડા સાથે ગળે ફાંસો લઈ જીવન ટૂંકાવ્યાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી. જે ઘટના અંગે આગળની કાર્યવાહી ધરમપુર પોલીસે હાથ ધરી છે.

### વિશ્વાસઘાતના ગુનામાં 7 વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

નવસારી: વર્ષ 2018 માં મરોલી પોલીસ મથકે છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપી મૂળ રાજસ્થાનનો અને હાલ વાપીના જલારામ મંદિરની પાછળ હિદાયત સોસાયટીમાં રહેતા જબરારામ અન્નારામ ચૌધરી અમદાવાદ રામોલ ખાતે આવેલા શ્રીઅર્બુદા કાર્ગો સર્વિસની બોલેરો પિકઅપ (નં. જીજે-27-ટીડી-8042) ચલાવે છે. આજે જબરારામ તે બોલેરો પિકઅપ લઈને મુંબઈથી અમદાવાદ તરફ જવાનો છે. જે બાતમીના આધારે પોલીસે ને.હા.નં. 48 ઉપર બોરીયાચ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન આરોપી જબરારામ આવતા પોલીસે તેને ઝડપી પાડી આગળની વધુ કાર્યવાહી અર્થે મરોલી પોલીસમથકે સોંપવામાં આવ્યો છે.

# એજન્ટની નીચતા, નોકરી માટે મલેશિયા ગયેલો યુવક પાંચ દિવસ રઝળ્યો ને સ્વદેશ પરત ફર્યો

**ચીજ** ગામના યુવકે 5.30 લાખ એજન્ટને ચૂકવી દીધા, પરંતુ મલેશિયા પહોંચ્યો તો ત્યાંના એજન્ટે કહ્યું મને પૈસા મળ્યા નથી

નવસારી : ચીજ ગામના યુવાનને મલેશિયા મોકલ્યા બાદ નોકરીએ ન લગાવતા યુવાન 5 દિવસ સુધી મલેશિયામાં અટવાયો હતો. વલસાડના દંપતી સહિત ત્રણ સામે 5.30 લાખ રૂપિયાની છેતરપીંડીની ફરિયાદ જલાલપોર પોલીસ મથકે નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, જલાલપોરના ચીજ ગામે રાણાભાઠામાં મંથન ઉપેન્દ્રભાઈ ટંડેલ (ઉ.વ. 25) તેમના પરિવાર સાથે રહે છે. મંથનને શીપિંગની નોકરીની જરૂરિયાત હોવાથી વલસાડ શીપિંગ ઈન્સ્ટીટયુટ કોર્સ કરાવતા વલસાડના કોસંબા રોડ પર વિનાયક નગર જયશ્રી એપાર્ટમેન્ટમાં રહેતા ધર્મેન્દ્ર ઉર્ફે માયકલ બુધીયાભાઈ ટંડેલનો સંપર્ક હતો. તેમણે વિદેશ ખાતેથી શીપિંગ જોઈન્ટ કરવા 5.50 લાખ રૂપિયાનો ખર્ચ થશે અને વર્ક પરમીટ મેળવી નોકરી અપાવવાનો વાયદો કર્યો હતો. ત્યારે ધર્મેન્દ્ર ઉર્ફે માયકલે મંથન પાસેથી 10 હજાર રૂપિયા લીધા હતા. થોડા મહિના બાદ ધર્મેન્દ્ર ઉર્ફે માયકલે મંથનને ફોન કરી જણાવ્યું હતું કે, સી.એમ.એ. સી.જી.એમ. કંપનીમાં વેકેન્સી છે. તમારે જવું છે? તેમ પુછતા મંથને હા પાડી હતી. કંપનીનો ઓફર લેટર મોકલાવતા મંથને 90 હજાર રૂપિયા મોકલ્યા હતા. ત્યારબાદ મંથને વલસાડ ખાતે મેડિકલ કર્યા બાદ ધર્મેન્દ્ર ઉર્ફે માયકલને રોકડા 35 હજાર, 95 હજાર ગુગલ પે દ્વારા મોકલ્યા હતા. ત્યારબાદ ધર્મેન્દ્ર ઉર્ફે માયકલે મંથનને વિઝા મોકલાવી તેમના ઓળખીતા વિનોદભાઈ સિંઘના ખાતામાં 2 લાખ રૂપિયા મોકલ્યા હતા. ત્યાર પછી ધર્મેન્દ્ર ઉર્ફે માયકલની પત્ની કંચનબેનના એકાઉન્ટમાં 1 લાખ રૂપિયા મોકલ્યા હતા.

ગત 6ઠ્ઠી સપ્ટેમ્બર 2024 ના રોજ ધર્મેન્દ્ર ઉર્ફે માયકલે મંથનને મલેશિયા ખાતે જવાનું જણાવી મુંબઈ એરપોર્ટ ખાતે પહોંચી જવા માટે જણાવ્યું હતું. ધર્મેન્દ્ર ઉર્ફે માયકલે વોટ્સએપ ઉપર મલેશિયાની ટિકિટ અને મલેશિયાના એજન્ટનો મોબાઈલ નંબર મોકલ્યો હતો. મંથને મલેશિયા એરપોર્ટ પહોંચી મલેશિયાના એજન્ટનો સંપર્ક કરતા તેણે જણાવ્યું હતું કે, તમારા એજન્ટે મને પૈસા આપ્યા નથી, જેથી હું તમારી જવાબદારી લઈ શકું નહી. ત્યારબાદ મંથને ધર્મેન્દ્ર ઉર્ફે માયકલને ફોન કરતા તેણે જણાવ્યું હતું કે, મેં વિનોદભાઈને બધા પૈસા આપી દીધા અને વિનોદભાઈએ મલેશિયા એજન્ટને પૈસા મોકલ્યા નથી, વિનોદભાઈ મારો ફોન ઉપાડતા નથી. જેથી મંથન ધર્મેન્દ્ર ઉર્ફે માયકલના કહેવાથી 5 દિવસ સુધી મલેશિયામાં અટવાયા કરતો હતો. જો કે ગત 11મી સપ્ટેમ્બરે મંથનના ભાઈએ મંથનને મલેશિયાથી મુંબઈ આવવાની ટિકિટ મોકલતા મંથન પરત ઘરે આવી ગયો હતો. મંથને જલાલપોર પોલીસ મથકે ધર્મેન્દ્ર ઉર્ફે માયકલ બુધીયાભાઈ ટંડેલ, કંચનબેન ધર્મેન્દ્ર ઉર્ફે માયકલ બુધીયાભાઈ ટંડેલ અને દિલ્હી રહેતા વિનોદભાઈ સિંગ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. ડી.એન. ચૌધરીએ હાથ ધરી છે.

# ગામડાઓમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે હોળીકા દહન કરાયું, આકાશ પીળા રંગથી ઝગમગી ઊઠ્યું

**ડાંગના** આદિવાસી લોકો દ્વારા સારા સ્વાસ્થ્ય અને સુખ સમૃદ્ધિની પ્રાર્થના કરાઈ

સાપુતારા: રાજ્યનાં છેવાડે આવેલા ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ધાર્મિક પરંપરા મુજબ હર્ષોલ્લાસ પૂર્વક હોળીકા દહન કાર્યક્રમ યોજાયો હતો. આહવા, સુબીર,વઘઈ, સાપુતારા સહિત 311 ગામોમાં ઉત્સાહભેર હોળી પ્રગટાવી અસત્ય ઉપર સત્યની જીતની ઉજવણી કરવામાં આવી હતી. પરંપરાગત રીતે પૂજા અર્ચના કર્યા બાદ ઢોલ, નગારાનાં નાદ સાથે હોળી પ્રગટાવવામા આવી હતી.ડાંગનાં આદિવાસી જનજીવન દ્વારા હોળીની પ્રદક્ષિણા કરી દર્શન કર્યા હતા અને હોળીમાં શ્રીફળ, ધાણી, ખજુર સહિત ધાન્યનો નેવેદ હોમી હોળી બાઈ તું હોળી વ સદા સીમગા ખેડુનાં ગીતોનાં નાદો સાથે હોળીકાની પ્રદક્ષિણા કરવામા આવી હતી. પરંપરાગત રીતે હોળીકા દહનમાં લાકડા, કપૂર, ગોમૂત્રથી બનેલ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હોળીકા દહન દરમિયાન તેઓ લોકનૃત્યો અને લોકગીતો પણ રજૂ કરતા હોય છે. ત્યારે તમામ લોકોએ સારા સ્વાસ્થ્ય અને સુખ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હોળીકા દહન પર્વની ઉજવણી કરી હતી.


ગિરીશ ભોયે

### વૈદિક હોળી સાથે લોકોએ પૂજા-અર્ચના કરી

બીલીમોરા: આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે હોલિકા દહન. બીલીમોરામાં હોળી મોડી સાંજે પ્રગટાવવામાં આવી હતી. રાવલ નગર સોસાયટીમાં ગાયના છાણમાંથી બનાવેલી સ્ટીક, છાણાં અને કપૂરમાંથી બનાવવામાં આવેલ વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી. આનંદબાગ સોસાયટીમાં પણ વૈદિક હોળી કરાઈ હતી. બીલીમોરા ગંગા માતા મંદિરે હોડી ચોક, સોમનાથ રોડ, એમજી રોડ, નર્સર રોડ, ગણદેવી રોડ, તલોધ, સ્ટેશન માર્ગ તેમજ આજુબાજુના વિસ્તારોમાં હોલિકા દહનનો કાર્યક્રમ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પાર પડયો હતો.

### હોળીમાં ઘરે ઘર જઈ ફાગ ઉઘરાવવાની આદિવાસીઓની પરંપરા આજેય જીવંત


નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકા સહિત દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં હોળીનો તહેવારએ સૌથી મોટો તહેવાર ગણાય છે. આ તહેવારના દિવસોમાં આદિવાસી વિસ્તારમાં કેટલાક લોકો હોળી-ધુળેટીના તહેવાર પછી પાંચમ સુધી હોળીનો ફાગ ઉઘરાવતા હોય છે, જેમાં વાંસદાના ભગત મંડળી દ્વારા માતાજીનો મુગટ ધારણ કરી આદિવાસી વાજિંત્ર- માદળ- નૃત્ય સાથે ફાગ ઉઘરાવતા નજરે પડયા હતા. જે આદિવાસીઓની વર્ષો જૂની પરંપરા આજે પણ જોવા મળી રહી છે.

# વલસાડના તિથલ રોડ પર યુવતીને જોવાના મુદ્દે હિંસક અથડામણ

**સમાધાન** થયા બાદ મારામારી થતાં બંને પક્ષકારોની સામસામી ફરિયાદ

વલસાડ: વલસાડના તીથલ રોડ પર એક યુવતીને જોવાના મામલે થયેલા ઝઘડા અને તેના સમાધાન બાદ પણ મોટી મારામારી થઈ હતી. આ મારામારી ભાગડાવડા ગામના ડેપ્યુટી સરપંચના પુત્રની હોય તેમાં ડે. સરપંચ પણ આવી જતાં મામલો ગરમાયો હતો. જોકે, સામસામી ફરિયાદ બાદ સમાધાન થઈ જતાં તમામ આરોપીઓ પોલીસમાં હાજર થઈ ગયા હતા અને છૂટી પણ ગયા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ તીથલ રોડ પર એક પટેલ પરિવારની યુવતીને જોવા બાબતે હાઉસિંગમાં રહેતા ભાગડાવડા ગામના ડે. સરપંચના પુત્ર આર્યન બકુલ રાજગોર (ઉં.વ.20)નો ઝઘડો થયો હતો. ત્યારબાદ તેણે માફી પણ માંગી લીધી હતી. જોકે, આ ઘટના બાદ હાઉસિંગ વિસ્તારમાં મંદિર પાસે પટેલ પરિવારના પુત્રના મિત્રો હર્ષ આહીર અને તિલક ત્યાં પહોંચ્યા હતા. જેમને આર્યન, બકુલભાઈ, મનોજ, સંદીપ, દિવ્ય અને પારનેરા પારડીના એક યુવાને માર માર્યો હતો. જેને પગલે સામા પક્ષના નિરવ આહીર, સચીન આહીર, જયેશ આહીર, કુલદીપ આહીર પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને બંને વચ્ચે મારામારી થઈ હતી. જેના પગલે મામલો વણસ્યો અને પોલીસમથકે પહોંચ્યો હતો. જ્યાં બંનેએ એકબીજા સામે ફરિયાદ કરી હતી. ફરિયાદ થયા બાદ પોલીસે બંને પક્ષના આરોપીઓની અટકાયત કરી હતી. જેમના વચ્ચે હાલ સમાધાનની ફોર્મ્યુલા સાથે તેઓ જામીન પર છૂટી ગયા હતા. જોકે, આ ઘટના અંગે શહેરભરમાં ફરીથી ભારે ચર્ચા ચાલી હતી અને વર્ષો અગાઉ તીથલ રોડ પર ચાલતી ગુંડાગર્દીની ચર્ચા ઉઠી હતી.

### જલાલપોરમાં યુવકને ચપ્પુના ઘા મારનારા ચાર ઝડપાયા

નવસારી: જલાલપોર દેસાઈ તળાવની પાળ હંસગંગા સોસાયટીમાં રહેતા નીખીલ રમાશંકર પાંડે, તેના મિત્ર રવિ પરમારની બહેન સાથે વાત કરતા અરુણ ડાભીને મળ્યો હતો. નીખીલે અરુણને શા માટે રવિની બહેન સાથે ફોન પર વાત કરે છે? તેમ પુછતા અરુણે વાત તો હું કરીશ, તારાથી થાય તે કરી લેજે, કહી નીખીલને અપશબ્દો બોલવા લાગ્યો હતો. નિખિલનો ભાઈ સાહિલ વચ્ચે છોડાવવા પડતા દિપક મેરે સાહિલને પેટના ભાગે ચપ્પુના બે ઘા મારી દીધા હતા. આ બનાવમાં પોલીસે પોલીસે અરુણ ડાભી, ચિરાગ ચાવડા, વિજય મેર અને દિપક મેરની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેમને જ્યુડિ.કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે.

# વાપીમાં બિહારી શ્રમિક યુવકની ગળે ટૂંપો દઈ હત્યા

વાપી: મૂળ પંજાબ અને હાલ વાપી નજીકના ચણોદમાં કોલોનીમાં રહેતો શરબજીત જગજીતસીંગ સોહલ (ઉં.27) ના પિતાની જમીન ચણોદ ગામ, સુલપડ રોડ પર છે, જેમાં ભાડાની રૂમો બનાવેલી છે. જેમાં છેલ્લા 25 વર્ષથી ભાડાની રૂમમાં પ્રેમશંકર ગણેશપ્રસાદ શર્મા (ઉં.આ.47, મૂળ બિહાર) રહે છે. ગુરુવારની રાત્રે જ્યાં પ્રેમશંકર ખાટલા પર પડેલી હાલતમાં હતો અને તેના ગળાના ભાગે ઈજાના નિશાન પણ દેખાતા હતાં. કોઈકે 108 એમ્બ્યુલન્સને ફોન કરતા આવી પહોંચી હતી અને ડોકટરે તપાસ કરતા તેને મૃત જાહેર કર્યો હતો. જેથી કોઈક ઈસમે કોઈ કારણોસર પ્રેમશંકર શર્માને ગળે ટૂંપો દઈ હત્યા નિપજાવ્યાની આશંકા સાથે પોલીસે તપાસ હાથ ધરી છે.

# નવસારી પોલીસે 32.39 લાખનો દારૂ ઝડપી પાડ્યો

નવસારી: નવસારી ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે ને.હા. નં. 48 ઉપર આરક-સિસોદ્રા ગામના પાટિયા પાસેથી ટેમ્પો (નં. એમએચ-03-સીવી-3674) ને રોકી તપાસ કરી હતી. જેમાંથી પોલીસને પીળા રંગની પ્લાસ્ટિક મીણીયામાં લંબગોળ પુઠાના પેપર રોલની આડમાંથી રૂ.32,39,028 રૂપિયાની વિદેશી દારૂની 16,440 નંગ બાટલીઓ મળી આવી હતી. જેથી પોલીસે મહારાષ્ટ્રના ગોવંડી અબ્દુલ હામીદ માર્ગ શિવાજી નગર લોટસા કોલોનીમાં રહેતા આમીર અબ્દુલા રઝાક શેખને ઝડપી પાડયો હતો. પોલીસે આમીરની પૂછપરછ કરતાં પાંડેજી ઉર્ફે દેવ મિશ્રાએ વિદેશી દારૂ ભરેલો ટેમ્પો દમણથી ભરી આપી સુરત ખાતે મંગાવ્યો હતો. અને મહારાષ્ટ્રના ગોવંડી ખાતે રહેતા મેહમુદ શેખે વિદેશી દારૂનો ટેમ્પો વહન કરવા માટે દમણ ખાતેથી આમીરને ડ્રાઈવર તરીકે મોકલ્યો હતો.

ટેમ્પોના માલિકે વિદેશી દારૂ ભરવા માટે ટેમ્પો આપ્યો હોવાનું કબૂલતા પોલીસે પાંડેજી ઉર્ફે દેવ મિશ્રા, મેહમુદ શેખ અને ટેમ્પો માલિકને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે એક મોબાઈલ, 10 લાખની કિંમતનો ટેમ્પો મળી કુલ રૂ.42,44,028નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દમણમાં સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું



**નાની** દમણના ખુશી નામના સ્પા સેન્ટર પર દરોડા, સંચાલકની ધરપકડ કરી, 5 મહિલાને છોડાવી

દમણ : સંઘપ્રદેશ દમણમાં સ્પાની આડમાં ચાલતા કૂટણખાના પર પોલીસે દરોડો પાડી સ્પા સંચાલક એક મહિલાની ધરપકડ કરી છે. નાની દમણ તીનબત્તી વિસ્તારમાં આવેલી સલમાન હોટલના પહેલા માળે ખુશી નામનું એક સ્પા આવેલું છે. જેમાં સ્પાની આડમાં મહિલાઓ પાસે અનૈતિક ધંધો કરાવવામાં આવી રહ્યો છે. આ બાતમી મળતા દમણ પોલીસે ટીમ બનાવી સ્પામાં ડમી ગ્રાહક મોકલાવ્યો હતો. જે બાદ સ્પામાં અનૈતિક કાર્ય ચાલતું હોવાનું સાચું સાબિત થતાં પોલીસની ટીમે સ્પા સેન્ટર પર છાપો માર્યો હતો. જ્યાં સ્પા સેન્ટરની અંદરથી 5 જેટલી મહિલા મળી આવી હતી. જ્યારે કાઉન્ટર પર બેઠેલી મહિલા પાસેથી પોલીસે જે ડમી ગ્રાહક મોકલ્યો હતો, તેણે જે રૂપિયા આપ્યા હતા, તે રૂપિયા મહિલા પાસેથી મળી આવતા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી ખુશી સ્પા સેન્ટરનું સંચાલન કરનારી વાપીમાં રહેતી મહિલા ઉષાસિંહની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધી હતી. 5 પીડિત મહિલાને પોલીસે બચાવી લીધી હતી. પોલીસે સ્થળ પરથી 2 મોબાઈલ ફોન પણ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# વલસાડમાં રિક્ષામાં મુસાફરોને બેસાડી ચોરી કરતી સુરતની ગેંગ ઝડપાઈ

**રિક્ષામાં** આગળ પાછળ કરી મુસાફરના સ્વાંગમાં રૂ.30 હજાર ચોરી લીધા હતા, ભેસ્તાનના બે ઝડપાયા, એક વોન્ટેડ

વલસાડ: વલસાડના ધરમપુર રોડ પર એક વરિષ્ઠ નાગરિકને રિક્ષામાં બેસાડી આગળ પાછળ કરી રૂ.30 હજાર સેરવી લેવાની ઘટના બની હતી. આ ઘટનામાં સિટી પોલીસે આ ચોરી કરતી સુરતના ભેસ્તાનની ગેંગને પકડી પાડી હતી. પોલીસે 2 આરોપીને રૂ.30 હજાર અને રિક્ષા સાથેપકડી પાડ્યા હતા.

વલસાડ ધરમપુર રોડ પર અબ્રામા વિસ્તારમાં એક વરિષ્ઠ નાગરિક ભરતસિંહ રામસિંહ સોલંકીને ગત રોજ એક રિક્ષાચાલકે રિક્ષામાં બેસાડ્યા હતા. ત્યારબાદ તેમના કાવતરા મુજબ તેના જ બીજા બે માણસો સાથે બેઠાં અને બેસવાની જગ્યા નથી, એ રીતે આગળ પાછળ કરી તેમની પાસેના રૂ.30 હજાર ચોરી લીધા હતા. આ ઘટના બાદ તેમણે વલસાડ સિટી પોલીસમથકે ફરિયાદ કરતાં સિટી પોલીસે સીસીટીવી કેમેરા જોઈ રિક્ષા નંબર થકી તેની ઓળખ કરી સુરતના ભેસ્તાનમાં રહેતા હુસેન સલિમ શેખ (ઉં.વ.29) અને રહીમુદ્દીન શહાબુદ્ધીન શેખ (ઉં.વ.41)ને પકડી પાડ્યો હતો. જેની પાસેથી પોલીસે ચોરી કરેલા રૂ.30 હજાર અને તેમની રિક્ષા કબજે કરી હતી. જોકે, તેમનો એક સાથીદાર રફીક ઉર્ફે કેરોસીન ન પકડાતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

## જાહેર નોટીસ

આથી **વિશાખા પાર્ક કો.ઓ.હા.સો.લી., મંકોડિયા, વિજલપોર, નવસારી** ના સભાસદો તથા અન્ય લાગતા-વળગતાને જણાવવામાં આવે છે કે,

અમારા અસીલ **(૧) શ્રી ગણપતભાઈ જી. ટેલર, (૨) શ્રીમતી લીલાવતી જી. ટેલર, (૩) શ્રી દિલીપકુમાર જી. પટેલ, (૪) શ્રી ઉમેષકુમાર જી. ટેલર** નાઓ **વિશાખા પાર્ક કો.ઓ.હા.સો.લી. મંકોડિયા, વિજલપોર, નવસારી** ના સભાસદો તરીકે ચાલી આવેલા છે અને આ સોસાયટીમાં આવેલ પ્લોટ નં. એ/૫ વાળી મિલકતના ધારણકર્તા ચાલી આવેલ અને સોસાયટીનું સભ્યપદ મેળવી **શેર સર્ટીફીકેટ નંબર-૧૩૧ થી શેર નંબર ૬૫૧ થી ૬૫૫ કુલ રૂા. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પુરા)** ના તેઓના નામે ઈસ્યુ થયેલ ધારણકર્તા છે. સદરહું શેર સર્ટીફીકેટ ગુમ થયેલ હોવાથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવવા તેઓ સોસાયટીમાં અરજી કરનાર છે. જેથી તે બાબતે કોઈનો વાંધો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં પુરાવા સાથે અમો એડવોકેટને અથવા સોસાયટીના પ્રમુખશ્રીને લેખિત જાણ કરવી, સદર દિન-૭ નો સમય વિત્યાબાદ કોઈપણ વ્યક્તિની કોઈપણ દાદ, ફરિયાદ સાંભળવામાં આવશે નહી અને (૧) શ્રી ગણપતભાઈ જી. ટેલર, (૨) શ્રીમતી લીલાવતી જી. ટેલર, (૩) શ્રી દિલીપકુમાર જી. પટેલ, (૪) શ્રી ઉમેષકુમાર જી. ટેલર ના નામનું ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માટે સોસાયટીમાં અરજી આપી સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવશે, જેની તમામ લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

નવસારી,
તા. ૧૩-૦૩-૨૦૨૫

અમારા અસીલની સુચનાથી,
**મેહુલ વી. કોટવાણી** (એડવોકેટ)

રહે. ૨૦૫/૨૦૬, નિલમ એપાર્ટમેન્ટ, સિંધી કેમ્પ, લુન્સીકુઈ રોડ, નવસારી. મો.: 9033993902

તા.15મી માર્ચે ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે શ્રેયસ દેસાઈએ ગ્રાહકો માટે અનેક મહત્ત્વની બાબતો જણાવી

# ગ્રાહકને અન્યાય થયાનું લાગે તો તુરંત ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ કરવી જોઇએ: શ્રેયસ દેસાઈ

**35 વર્ષથી** ગ્રાહક સુરક્ષાના કેસો લડતા નિષ્ણાંત વકીલ શ્રેયસ દેસાઈની ગ્રાહકોને જાગૃત થવા અપીલ


એડવોકેટ ઈશાન દેસાઈ


એડવોકેટ શ્રેયસ દેસાઈ


એડવોકેટ પ્રાચી દેસાઈ

સુરત: વિશ્વમાં દર 15મી માર્ચે વિશ્વ ગ્રાહક દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. સુરતમાં જો ગ્રાહક સુરક્ષાની વાત કરવામાં આવે તો ગ્રાહકોના સંકટમોચન સમાન એડવોકેટ શ્રેયસ દેસાઈની વાત કરવી પડે. છેલ્લા 43 વર્ષથી વકીલાતના વ્યવસાયમાં કાર્યરત શ્રેયસ દેસાઈએ 35 વર્ષ તો ગ્રાહક સુરક્ષાના કેસો લડવામાં જ કાઢ્યા છે. અડધો ડઝનથી પણ વધુ કાયદા વિષયક પુસ્તકોના લેખક અને 30 વર્ષથી અખબારોમાં કોલમ લખનાર શ્રેયસ દેસાઈએ ગ્રાહક સુરક્ષા વિશે અનેક જરૂરી માહિતી આપી હતી.

**સવાલ:** ગ્રાહકો કેવી રીતે પોતાની સુરક્ષા કરી શકે છે?

**જવાબ:** ગ્રાહકોએ પોતાના હકો માટે જાગૃત રહેવાની જરૂરીયાત છે. જો ક્યાંય અન્યાય થયાનું લાગે તો તુરંત વકીલ મારફત યા જાતે ગ્રાહક કમિશનમાં ફરિયાદ કરી શકે છે. હાલમાં ગ્રાહક કમિશનમાં ઈન્સ્યુરન્સ સેવાઓ, બેંકિંગ સેવાઓ, બિલ્ડર્સ વિ. સંબંધિત ફરિયાદો વધુ પ્રમાણમાં આવી રહી છે.

**સવાલ:** તમારી કોર ટીમ વિશે જણાવશો?

**જવાબ:** મારી પુત્રી પ્રાચી અર્પિત દેસાઈ લીગલ ડ્રાફ્ટિંગ અને પ્લીડીંગમાં સારી નિપુણતા ધરાવે છે. ઓફિસની આશરે 70 ટકા ફરિયાદો પ્રાચી જ તૈયાર કરે છે. મારા જમાઈ અર્પિત દેસાઈ ટેક્સેશન સંબંધિત કેસ અને બેંકોના ઓડિટના કામ કરે છે. જ્યારે મારી પત્ની દીપ્તી દેસાઈ ઓફિસનું મેનેજમેન્ટ સંભાળે છે. મારો પુત્ર ઈશાન દેસાઈ રિસર્ચનો શોખ ધરાવે છે અને સુપ્રીમ કોર્ટ તથા નેશનલ કમિશન અને સ્ટેટ કમિશનના હજારો કેસની ડેટાબેંક ધરાવે છે. મારી પુત્રવધુ વિધિ બેન્કોના ટાઈટલ ઈન્વેસ્ટિગેશન સંબંધિત કામ કરે છે. અન્ય 6 જુનિયર્સ પણ છે. તથા ગુજરાત સ્ટેટ કમિશન (અમદાવાદ) તથા નેશનલ કમિશન (ન્યુ દિલ્હી) માં એસોસીએટ એડવોકેટ્સ છે. એટલે આખા ડેડિકેટેડ નેટવર્કનો ગ્રાહકોને લાભ મળી જાય છે.

**સવાલ:** તમારી સફળતાનો શ્રેય કોને આપશો?

**જવાબ:** મારી સફળતાનો શ્રેય હું મારા પરિવારને આપીશ. અમારા દેસાઈ પરિવારે આજદિન સુધીમાં ગ્રાહક કમિશનોમાં આશરે 10 હજાર કેસ ચલાવ્યા છે. 2024ના વર્ષમાં સુરત જિલ્લા ગ્રાહક કમિશનોમાં અમે 400 ફરિયાદનું નિવારણ કર્યું છે. જેમાં 93 ટકા કેસમાં અમને સફળતા મળી છે.

### વલસાડ આરટીઓ દ્વારા આકસ્મિક ચેકિંગ, 3.75 લાખનો દંડ ફટકારાયો

વલસડા: વલસાડ આરટીઓ દ્વારા પરમીટ, ફિટનેસ, વીમો, લાઈસન્સ ભંગ બદલ દંડ વસૂલવામાં આવ્યો હતો. જેમાં મુખ્યત્વે વાપી તાલુકાના આલોક ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડસ્ટ્રીયલ બોઈલર લિમિટેડ તેમજ ઉમરગામ તાલુકાની ચંદન સ્ટીલ લિમિટેડ કંપનીમાં આકસ્મિક ચેકિંગની કામગીરી હાથ ધરી ટેક્સ ડિફોલ્ટર કુલ 10 વાહનોને ડીટેન કરવામાં આવ્યા હતા. જ્યારે 2 વાહનોમાં ટેક્સ તેમજ અન્ય માંડવાળ ફીની વસૂલાત સ્થળ પર કરી કુલ 3.75 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. વાહન વેરો સમય મર્યાદામાં ભરવા તાકીદ કરવામાં આવી છે.

## જાહેર ચેતવણી ખરીદનાર સાવધાન

જત હમારા અસીલશ્રી કુમારકાંત દયાળજી દેસાઈ, રહે.: ડી-૨, ક્રિસ્ટલ હેવન એપાર્ટમેન્ટ, ભક્તાશ્રમ સ્કુલ સામે, માણેકલાલ રોડ, નવસારી, તા. જી. નવસારી-૩૯૬૪૪૫ નાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણીથી જાહેર જનતાને જણાવવાનું કે,

હમારા અસીલની વડીલોપાર્જીત મિલકત કે જે નવસારી જીલ્લાના નવસારી તાલુકાના મોજે નવસારી શહેરમાં જમાલપોર મુકામે આવેલ મજુર મહાજન ઔધોગિક કામદાર સહકારી ઘર બનાવનારી મંડળી લી. માં ચાલી આવેલ બંગલા નં. બી-૪, ઘર નં. ૨૧૮ વાળી રહેણાંક ઉપયોગી મિલકત દયાળજીભાઈ ગોપાળભાઈ નાયક નાઓની ચાલી આવેલી હતી. તેઓ તા. ૯-૩-૨૦૦૪ નારોજ અવાસન થતાં તેમના કાયદેસરના સીધલીટીના વારસદારો એમના દિકરા (૧) અમૃતભાઈ દયાળજી (૨) ઠાકોરભાઈ દયાળજી (૩) કુમારકાંત દયાળજીનાઓ ચાલી આવેલા હતા. જે જમાલપોર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રીઓએ ઠરાવ નં. ૪ થી તેમનું નામ પંચાયત રેકર્ડ દફતરે કમી કરી તેમના સીધીલીટીના વારસદારોના નામ ઠરાવ નં. ૪ થી ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે તબદીલ કરવામાં આવેલ હતા અને છે. આમ સદરહું મિલકતના સીધીલીટીના વારસદારો ચાલી આવેલ છે. જે મિલકતમાં હમારા અસીલનો વડીલોપાર્જીત હકક હિસ્સો ચાલી આવેલ હોય, જેથી સદર મિલકત અંગે હમારા અસીલની સંમતિ વિના કોઈએ કોઈપણ જાતનો તબદીલીનો વ્યવહાર કરવો-કરાવવો નહીં તેમજ સદરહું મિલકતને લગતા કોઈપણ વેચાણ દસ્તાવેજ, સાટાખત, બાનાખત, કરારો વિગેરે કરવા-કરાવવા નહી અને જો કરશો-કરાવશો તો તેમની વિરૂધ્ધ હમારા અસીલ તેમને મળતી કાયદાકીય સલાહ મુજબ સીવીલ તથા ફોજદારી રાહે પગલાં ભરશે. જેના ખર્ચ અને પરિણામની તમામ જવાબદારી જે તે ઈસમની રહેશે. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

મારી સૂચના મુજબ,
તા. ૧૩-૦૩-૨૦૨૫

મારી મારફત, **સી. કે. કહાર**
(તે ખરીદ કરનારના એડવોકેટ)

ઓફિસ/ઘર: ૧૩૮/૪, ક્રિષ્ના કેબલ વિઝન, દાંડીવાડ, નવસારી-૩૯૬૪૪૫. મો.: 9825378345

## જીલ્લો નવસારી તાલુકો જલાલપોર મોજે પરૂજણ મુકામે આવેલ ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે, જી. નવસારી, તા. જલાલપોરના મોજે પરૂજણ ગામના જુના બ્લોક/સર્વે નં. ૨૭૩ ના નવા બ્લોક/સર્વે નં. ૨૯૬. ક્ષેત્રફળ ૧-૪૯-૭૭ હે.આરે.ચો.મી., આકાર રૂા. ૧૧.૫૫ પૈસા વાળી ખેતીની જમીન ચીમનભાઈ હરિભાઈ, રમેશભાઈ હરિભાઈ, નરેન્દ્રભાઈ હરિભાઈ, સુમનભાઈ હરિભાઈ નાઓના સંયુક્ત નામે ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, હિત, સંબંધ કે વેચાણ રાખવાના હકક યા ઈઝમેન્ટરી હકકો કે કોઈપણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દસ) માં હમોને કાયદામાં ગ્રાહ્ય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવું. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહું જમીનમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર નથી કે કોઈના ભરણ-પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક કે કોઈપમ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટનો બોજો નથી અને હોય તો તે જતો કર્યો છે. યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ સદરહું સ્થાવર મિલકત અંગેના વેચાણ વ્યવહારો સંપુર્ણ રીતે પાકા લખાણો લખાવી લેશે. જે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે દાવો ચાલશે નહી. જેની લાગતા-વળગતાએ નોંધ લેવી.

મારી સૂચના મુજબ
તા. ૧૩-૦૩-૨૦૨૫

મારી મારફતે, **પિયુષ પી. રાઠોડ**
(તે ખરીદ કરનારના એડવોકેટ)

રહે. આમડપોર, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. ૮૮૬૬૫૪૧૪૬૩